ઈરાકમાંથી ૪૬ નર્સ ભારત પહોંચી

નવી દિલ્હી,તા. ૫

ઇરાકના ટિકરીકમાં

બાનમાં પકડી લેવામાં આવેલી ૪૬ ભારતીય નર્સને આઇએસઆઇએસના કટ્ટરપંથીઓ દ્વારા ગુરૂવારના દિવસે મુક્ત કરવામાં આવ્યા બાદ હવે ખાસ વિમાન દ્વારા તેમને મુંબઇ લાવવામાં આવતા મોટી રાહત થઇ છે. ગુરૂવાર સાંજથી શુક્રવાર સવાર સુધી ચાલેલા નાટકીય ઘટનાક્રમ બાદ નર્સને છોડી મુકવામાં આવતા તેમને ભારત પરત લાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ખાસ વિમાન તેમના માટે મોકલી દેવામાં આવ્યું હતુ. એર ઇન્ડિયાના ખાસ વિમાન દ્વારા ૪૬ ભારતીય નર્સ અને અન્ય ૧૩૭ ભારતીય લોકોને આજે સવારે મુંબઇ લવાતા મોટી રાહત થઇ હતી. તમામ ૪૬ નર્સ પરત ફરતા પરિવારમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. મુંબઈ પહોંચ્યા બાદ તેમને કોચીમાં લઇ જવામાં આવી હતી. સવારે ૧૧.૪૭ વાગે તમામ નર્સ કોચી પહોંચી હતી. આ નર્સોનું કેરળના મુખ્યમંત્રી ઓમાન ચંડી અને અન્ય પ્રધાનોએ સ્વાગત કર્યું હતું. વહેલી સવારે જ કોચીમાં આંતરરાષ્ટ્રીય વિમાની મથકે તેઓ પહોંચી હતી. ઓમાન ચંડીએ કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારોના સંયુક્ત પ્રયોસાના પરિણામ સ્વરુપે આ મહિલાઓ ભારત પરત ફરી છે. સગાસંબંધીઓ પણ લેવા માટે પહોંચ્યા હતા. અગાઉ હવે કેન્દ્ર સરકારે મોસુલમાં બાનમાં પકડી રાખવામાં આવેલા ૩૯ ભારતીય લોકોને મુક્ત કરાવી લેવાની આશા દેખાઇ રહી છે.

આ નર્સને સુન્ની જેહાદી લોકો ગુરૂવારે ગુપ્ત સ્થળે લઇ ગયા હતા. ત્યારબાદ તેમની મુક્તિને લઇને આશા ઘુંધળી બની ગઇ હતી. પરંતુ અચાનક ભારતીય પ્રયાસો રંગ લાવ્યા હતા. અંતે જેહાદી નર્સને કુર્દ વિસ્તારમાં સરહદ પર મુક્ત કરવા તૈયાર થઇ ગયા હતા. ત્યાથી તમામ નર્સને એરબિલ લાવવામાં

આવી હતી. અહી લડાઇ ચાલી રહી નથી. આ વિસ્તારમાં લડાઇ ચાલી રહી નથી. અહીંથી એર ઇન્ડિયાના વિમાન દ્વારા નર્સ અને ભારતીયોને મુંબઇ લવાયા હતા. સવારે ૮.૪૩ વાગે તમામ લોકો મુંબઇ પહોંચી ગયા હતા. ટિકરિટના તમામ વિસ્તારોમાં સુન્ની જેહાદી લોકો કબજો ધરાવે છે. નર્સને કઇ શરત પર મુક્ત કરવામાં આવી છે તે અંગે કોઈ માહિતી આપવાનો વિદેશ મંત્રાલય દ્વારા ઇન્કાર કરવામાં આવ્યો છે. જો કે કહેવામાં આવ્યું છે કે તેમની મુક્તિ માટે તમામ વિકલ્પ પર તૈયારી દર્શાવવામાં ાવી હતી. હજુ ઇરાકમાંથી બે હજાર લોકોને ખસેડવામાં આવી શકે છે.

ભાવ વધારાને કાબુમાં લેવા માટે હિલચાલ શરૂ

સરકારની સંગ્રહખોરો સામે એનબીડબલ્યુની હવે તૈયારી

નવી દિલ્હી,તા. ૪

સંગ્રહખોરી અને બ્લેક માર્કેટિંગ પર અંકુશ મુકવા માટે મોદી સરકાર કમર કસી ચુકી છે.આગામી દિવસોમાં સરકાર કેટલાક પગલા લે તેવી શક્યતા છે. સરકાર ઇસેન્સિયલ કોમોડીટી એક્ટ અથવા તો આવશ્યક ચીવસ્તુઓ ધારામાં સુધારો કરવાની તૈયારી કરી ચુકી છે. સંગ્રહખોરો અને બ્લેકમાર્કેટિંગ કરનાર સામે તવાઇ આવશે. સરકાર આ લોકો સામે બિન ાજામીનપાત્ર વોરંટ જારી કરવા વિચારી રહી છે. ખાદ્યાન અને ગ્રાહક બાબતોના પ્રધાન રામ વિલાસ પાસવાને કહ્યું હતું કે મુસદ્દા સુધારાને ટુંક સમયમાં જારી કરવામાં આવનાર છે. તેમણે કહ્યું હતું કે રાજ્યના પ્રધાનો આને સમર્થન આપી ચુકયા છે. તેના પ્રકારની પ્રથમ હિલચાલરૂપે કેન્દ્ર અને રાજ્ય સરકારો ડુંગળી, બટાકા, ટામેટા, કઠોળ, દુધ અને ખાદ્ય તેલ સહિતની આવશ્યક વસ્તુઓના ભાવને કાબુમાં લેવા માટે આગળ વધી રહી છે. એવો સર્વસંમતિથી નિર્ણય કરવામાં આવ્યો છે કે રાજ્ય સરકારો એવા સંવેદનશીલ વિસ્તારની ાયાદી તૈયાર કરશે જે વિસ્તારમાં હવે નજર રાખવામાં આવશે. પાસવાને કહ્યું હતું કે કેન્દ્ર સરકાર પ્રાઇઝ સ્ટેબિલાઇઝેશન ફંડની રચના કરશે. જેના મારફતે માર્કેટ પર નજર રાખવામાં આવશે.જો કે આની રચના માટે સમય અને ફંડની માહિતી આપવામાં આવી નથી. સમસ્યા વધારે ગંભીર બને તે પહેલા તેના પર કાબુ મેળવી લેવા માટે સુચના આપવામાં આવી છે.

નાણાં પ્રધાન અરૂણ જેટલી સામાન્ય બજેટ ૧૦મી જુલાઇના દિવસે રજૂ કરનાર છે ત્યારે બજેટ મારફતે કેટલાક પગલાની જાહેરાત કરવામાં આવી શકે છે. હાલમાં ડુંગળી અને બટાકા સહિતની વસ્તુઓના ભાવ આસમાને પહોંચી જતા સરકારની ચારેય બાજુ ટિકા શરૂ થઇ હતી.

સાત રાજ્યોના રાજ્યપાલના નામની આજે જાહેરાત કરાશે

નવીદિલ્હી, તા. ૫

નરેન્દ્ર મોદી સરકારે સાત રાજ્યો માટે નવા રાજ્યપાલના નામની આવતીકાલે જાહેરાત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેન્દ્ર સરકાર વહેલીતકે નિર્ણય કરવાના મૂડમાં દેખાઈ રહી છે. એનડીએ સરકાર દ્વારા નવી નિમણૂંકોને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો છે. આ સાત રાજ્યોના રાજ્યપાલોને થોડાક દિવસ પહેલા રાજીનામુ આપી દેવા માટે કહેવામાં આવ્યું હતું. આ તમામ રાજ્યપાલોની નિમણૂંક અગાઉની યુપીએ સરકાર દ્વારા કરવામાં આવી હતી. આવતીકાલે રાજ્યપાલોના નામની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. ઉત્તરપ્રદેશના રાજ્યપાલ બીએલ જોશી, છત્તીસગઢના રાજ્યપાલ શેખર દત્ત અને નાગાલેન્ડના રાજ્યપાલ અશ્વિનકુમાર તેમના સંબંધિત હોદ્દા

પરથી પહેલાથી જ રાજીનામુ આપી ચુકયા છે. પશ્ચિમ બંગાળના રાજ્યપાલ એમકે નારાયણન, ગોવાના રાજ્યપાલ બીબી વાંચુ પણ તેમના રાજીનામા આપી ચુકયા છે. હેલિકોપ્ટર કૌભાંડના સંબંધમાં આ બંનેની પુછપરછ થઈ ચુકી છે. કર્ણાટકના રાજ્યપાલ એચઆર ભારદ્વાજ, ત્રિપુરાના રાજ્યપાલ દેવાનંદ નિવૃત્ત થઈ ચુકયા છે. ભારદ્વાજ યુપીએ-૧ સરકારમાં કાયદા પ્રધાન તરીકે હતા જ્યારે દેવાનંદ કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રધાન તરીકે આસામમાં રહી ચુકયા છે. બંનેની ૨૦૦૯માં સંબંધિત રાજ્યોમાં રાજ્યપાલ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. નવા રાજ્યપાલોના નામ ઉપર છેલ્લા ઘણા દિવસથી ચર્ચા ચાલી રહી હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ ભાજપના કેટલાક વરિષ્ઠ નેતાઓને જવાબદારી સોંપવામાં આવી શકે છે. મહારાષ્ટ્રમાં મુરલી મનોહર જોશીને રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા છે. વર્ષ ૨૦૦૪માં જ્યારે યુપીએ સરકાર કેન્દ્રમાં એનડીએની જગ્યાએ આવી ત્યારે આ સરકારે પણ રાજ્યપાલોને બદલી નાંખ્યા હતા. યુપીએ દ્વારા પણ તેમની અવધિ પુરી થાય તે પહેલા જ રાજ્યપાલોને તેમના હોદ્દા પરથી રાજીનામુ આપવા કહ્યું હતું કે, જેમાં હરિયાણાના રાજ્યપાલ બાબુ પરમાનંદ, વિષ્ણુકાંત શાસ્ત્રી (ઉત્તરપ્રદેશ), કેદારનાથ સહાની (ગોવા) અને કૈલાશપતિ મિશ્રા (ગુજરાત)નો સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય રાયફલના એક જવાનને ઇજા થઇ

કાશ્મીરમાં અથડામણમાં કુખ્યાત ત્રાસવાદી ફૂંકાયો

શ્રીનગર, તા. ૫

જમ્મુ કાશ્મીરના પુલવામા જિલ્લામાં અથડામણમાં એક ત્રાસવાદી ઠાર થયો હતો. આ અથડામણમાં એક જવાન પણ ઘાયલ થયો હતો. ગોળીબારની રમઝટ બાદ હિંસક દેખાવો થયા હતા. નારાજ ટોળાએ બે પોલીસ વાહનોને આગ ચાંપી દીધી હતી. પોલીસ, રાષ્ટ્રીય રાઇફલ અને સીઆરપીએફ સહિતના સુરક્ષા જવાનોએ પુલવામા જિલ્લામાં ત્રાલ ગામમાં મોરચા સંભાળી લીધા હતા. પોલીસને એવી માહિતી મળી હતી કે, કેટલાક ત્રાસવાદીઓ છુપાયેલા છે. બાતમી મળ્યા બાદ સુરક્ષા દળોએ આવાસને ઘેરી લઇને પડકાર ફેંક્યો હતો પરંતુ છુપાયેલા ત્રાસવાદીઓએ જોરદાર ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરાતા થોડાક સમય સુધી અથડામણ ચાલી હતી. અથડામણમાં રાષ્ટ્રીય રાયફલના એક જવાને ઇજા થઇ હતી. આ અથડામણમાં ત્રાસવાદી સંગઠન જૈશે મોહમ્મદનો ત્રાસવાદી ઠાર થઇ ગયો હતો. ત્રાસવાદીના મોત બાદ આર્યાપાલ ગામમાં હિંસક દેખાવો કરવામાં આવ્યા હતા. બે પોલીસ વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. સુરક્ષા દળો દ્વારા ઠાર મરાયેલા ત્રાસવાદી વિદેશી હોવાનું જાણવા મળ્યું છે.

ઇંડાની કિંમત પ્રતિ ડઝન ૬૦ રૂપિયા થઇ

મુંબઈમાં બ્રેડની તીવ્ર અછત સર્જાઈ : ઈંડાની કિંમત વધી

મુંબઈ, તા. ૫

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં બ્રેડ અને ઈંડાની તીવ્ર અછત જોવા મળી રહી છે. મુંબઈ વાસીઓ બ્રેકફાસ્ટમાં મોટાભાગે ઈંડા અને બ્રેડનો ઉપયોગ કરે છે પરંતુ સ્લાઈડ્સ બ્રેડની તીવ્ર અછત જોવા મળી રહી છે. મંગળવાર બાદથી આવી બ્રેડની અછતથી લોકો પરેશાન થયેલા છે. આ ઉપરાંત ઈંડાની કિંમતમાં તીવ્ર વધારો થયો છે. એક ઈંડાની કિંમત પાંચ રૂપિયા થઈ ગઈ છે જ્યારે ડઝન ઈંડાની કિંમત ૬૦ રૂપિયા થઈ ગઈ છે. ત્રણ સૌથી મોટા બ્રેકર્સ પૈકીના એક મોર્ડન બ્રેડે ૨૬મી જૂન બાદથી ગોરેગાંવ યુનિટમાં ઉત્પાદન બંધ કરી દીધું છે. અન્ય બે મોટા બ્રેકર્સ બ્રિટાનિયા વિમ્સ તરફથી પણ પુરવઠો ખોરવાઈ ગયો છે. કેટલાક ડિસ્ટ્રીબ્યુટરો લેબરોની અંધાધૂંધીને લઈને દોષારોપણ કરી

રહ્યા છે પરંતુ મોર્ડન બ્રેડની માલિકી ધરાવનાર હિન્દુસ્તાન યુનિલીવરે કહ્યું છે કે, ફેક્ટરીમાં અકસ્માત બાદ સુરક્ષા અપગ્રેડ કરવા માટે આ કવાયત ચાલી રહી છે. છઠ્ઠી જુલાઈ બાદથી ઓપરેશન ફરી શરૂ થઈ જશે. રિટેલ માર્કેટમાં ઈંડાની કિંમત ડઝનદીઠ ૬૦ રૂપિયા થઈ ગઈ છે. મોનસુનમાં વિલંબ અને ગરમીના વધારાના પરિણામ સ્વરુપે હાલમાં કિંમતને લઈને ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. કારોબારીઓ માને છે કે, ઠંડીની સિઝન શરૂ થયા બાદ ઈંડાની કિંમતમાં હજુ વધારો થઈ શકે છે. ક્રિસમસ ઉપર તેની માંગ વધે તેવી શક્યતા છે. મુંબઈમાં મોટાભાગના લોકો સવારમાં ઓફિસ જતા પહેલા બ્રેડ અને બટરનો ઉપયોગ કરે છે. ઈંડાનો ઉપયોગ દરરોજ કરવામાં આવે છે. આવી સ્થિતિના પરિણામ સ્વરુપે ટેવના કારણે લોકો હેરાન છે. પૂરવઠાને નિયમિત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે પરંતુ સ્થિતિ સામાન્ય બનાવવામાં સમય લાગી શકે છે.

ઉત્તરપ્રદેશના તમામ વિસ્તારોમાં સારો વરસાદ

લખનૌ, તા. ૫

ઉત્તરપ્રદેસમાં કેટલીક જગ્યાએ હળવાથી ભારે વરસાદી ઝાપટા પડ્યા છે. ઉત્તરપ્રદેશના પૂર્વીય ભાગોમાં સારો વરસાદ પડ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદના કારણે લોકોને મોટી રાહત થઈ છે. હવામાન વિભાગનું કહેવું છે કે, જૌનપુર, વારાણસી, બરેલી, અલ્હાબાદ, સાલેમપુરમાં સારો વરસાદ પડ્યો છે. આવતીકાલે પણ પૂર્વીય ઉત્તરપ્રદેશમાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાંઆવી છે. હવામાન વિભાગનું કહેવું છે કે, દક્ષિણ પશ્ચિમ મોનસુન ઉત્તરપ્રદેશમાં સામાન્ય રહે તેવી શક્યતા છે. દેશના અન્ય ભાગોમાં વરસાદ ખેંચાઈ જવાના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. સરકાર ચિંતાતુર દેખાઈ રહી છે. તીવ્ર મોંઘવારીની અસર દેખાઈ રહી છે.

લાંબા સમય સુધી બેસવાથી લોહીનો જથ્થો જામી જાય છે

લંડન, તા.૫

બ્રિટનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે દરરોજ લાંબાગાળા સુધી બેસી રહેનાર મહિલાઓમાં બ્લડક્લોટનો ખતરો વધારે રહે છે. વધુ સક્રિય રહેલી મહિલાઓની સરખામણીમાં તેમના કેસમાં જીવન માટે ખતરનાક લોહીનો જથ્થો જામી જવાનો ખતરો લાંબા સમય સુધી બેસી રહેનાર મહિલાઓમાં બેથી ત્રણ ગણો વધારે રહે છે. આનો મતલબ એ થયો કે લાંબા સમય સુધી દરરોજ બેસી રહેનાર મહિલાઓ માટે સ્થિતિ સાનુકૂળ નથી. સક્રિય રહેનાર મહિલાઓમાં આ સમસ્યા પ્રમાણમાં ઓછી રહે છે.

અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઉદાસીન લાઈફ સ્ટાઈલ હાર્ટ એટેક અથવા તો હાર્ટના અન્ય રોગમાં ફેલાવામાં પણ ભૂમિકા ભજવ છે. અભ્યાસની સાથે એક એડીટોરિયલ પણ પ્રકાશિત કરીને જણાવવામાં આવ્યું છે કે સ્થિતિ ખરાબ ન થાય તે માટે દરરોજ લાંબા સમય સુધી મહિલાઓએ એક જગ્યાએ બેસી રહેવું જોઈએ નહીં. આ તારણો આરોગ્ય માટે લાલ બત્તી સમાન છે. આના લક્ષણો પણ ખતરનાક છે. લક્ષણોના ભાગરૂપે શ્વાસ લેવામાં તકલીફ થાય છે. છાતીમાં દુઃખાવો થાય છે અને કફની તકલીફ રહે છે. સપ્તાહમાં ૪૧ કલાકથી વધુ સમય સુધી બેસી રહેનાર મહિલાઓમાં આ ખતરો વધારે રહે છે. કેનેડામાં સંશોધકો આ અંગે અગાઉ એક અભ્યાસ કરી ચૂક્યા છે જેમાં આવાજ તારાણો જાણવા મળ્યા હતા. લાઈફ સ્ટાઈલની ટેવ અંગે વિસ્તૃત માહિતી એકત્રિત કરવાના હેતુસર ૬૯૯૫૦ મહિલા નર્સને આવરી લઈને આ અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં ઘણી ચોકાવનારી સપાટી પર આવી હતી.

વેજીટેરિયન ડાઈટ શરીર માટે ઉપયોગી : અહેવાલ

વોશિંગ્ટન,તા.૫

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વેજીટેરિયન ડાઈટના સીધા સંબંધ મૃત્યુના ખતરાને ઘટાડવા સાથે છે. વેજીટેરિયન ડાઈટ મૃત્યુના ખતરાને ઉલ્લેખનીય રીતે ઘટાડી દે છે. હાઈપરટેન્શન સહિત ઘણા ક્રોનીક રોગ માટેના જોખમને ઘટાડવામાં પણ વેજીટેરિયન ડાઈટ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. નવા અભ્યાસમાં દાવો કરાયો છે કે મૃત્યુના રેટમાં ઘટાડવામાં પણ તેની મહત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે. કેલિફોર્નિયામાં યુનિવર્સિટીમાં તબીબો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનું ચિત્ર ઉપસીને સપાટી ઉપર આવ્યું છે. સંશોધકોએ તેમના અભ્યાસ દરમિયાન નોનવેજીટેરિયન, સેમી વેજીટેરિયન, શીફૂડ વેજીટેરિયન, લેક્ટો વેજીટેરિયન જેવા જુદા જુદા પાંચ ગ્રૂપમાં રાખ્યા હતા. આ ગાળા દરમિયાન તેમની ડાઈટની પ્રવૃત્તિ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી હતી. અભ્યાસ બાદ જાણવા મળ્યું કે વેજીટેરિયન ડાઈટ ધરાવતા લોકોમાં મૃત્યુનો ખતરો ઉલ્લેખનીય રીતે ઘટી ગયો છે. અભ્યાસના ગાળા દરમિયાન ૨૫૭૦ લોકોના મોત થયા હતા. છ વર્ષ દરમિયાન આ અભ્યાસની પ્રવૃત્તિ ચાલી હતી. એકંદરે મૃત્યુદર આ વર્ષ દરમિયાન ૧૦૦૦ પૈકી છનો રહ્યો હતો. તમામ વેજીટેરિયન લોકોમાં મૃત્યુદરમાં ઘટાડો થયો હતો. જ્યારે નોનવેજીટેરિયનમાં આ રેટ જુદો નોંધાયો હતો. જે સાબિત કરે છે કે વેજીટેરિયન ડાઈટના સીધા સંબંધ મૃત્યુદરના જોખમને ઘટાડવા સાથે સંબંધિત છે. વેજીટેરિયન ડાઈટને લઈને અગાઉ પણ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જેમાં ઘણા તારણો આવી ચૂક્યા છે.

હિંસાગ્રસ્ત મુરાદાબાદમાં સ્થિતિ હજુ પણ વિસ્ફોટક

મુરાદાબાદ, તા. ૫

હિંસાગ્રસ્ત મુરાદાબાદમાં કંથ વિસ્તારમાં તંગદિલીપૂર્ણ સ્થિતિ બનેલી છે. મહાપંચાયત યોજવાને લઈને જોરદાર દેખાવો કરાયા હતા. સ્થિતિ કાબૂબહાર ન જાય તે માટે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. મુરાદાબાદના પોલીસ કમિશન શિવશંકર સિંહે કહ્યું છે કે, પરિસ્થિતિ શાંતિપૂર્ણ છે. કંથ વિસ્તારમાં મહાપંચાયત યોજવાના લીધે શુક્રવારે હિંસક પ્રદર્શન થયા હતા. ચાર સાંસદો અને એક ધારાસભ્ય સહિત કેટલાક લોકો ઉપર મુઝફ્ફરનગરની રમખાણમાં સામેલ હોવાનો આક્ષેપ કરાયો હતો. આ તમામની ધરપકડ કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મુરાદાબાદ-સહારનપુર રેલવેટ્રેક ઉપર નાકાબંદી કરવા બદલ ૬૫ લોકોની ધરપકડ કરવામાંઆવી હતી. જોરદાર પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. રેલવે ટ્રેકને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

સલમાન સાથે ફિલ્મ કરવા અનુષ્કા શર્મા ખૂબ ઈચ્છુક

મુંબઈ,તા. ૫

બોલિવૂડમાં બે મુખ્ય છાવણીઓ બનેલી છે જેમાં એક શાહરૂખ ખાનની અને બીજી સલમાન ખાનની છાવણીનો સમાવેશ થાય છે. હાલમાં સલમાન ખાનની બોલબાલા વધારે દેખાઈ રહી છે જેથી સલમાન ખાનની છાવણીમાં સભ્યની સંખ્યા વધી રહી છે. શાહરૂખને છોડીને હવે અનુષ્કા શર્મા પણ

સલમાન કેમ્પ ઉપર નજર કરી રહી છે. અનુષ્કા શર્માને મૂળભૂત રીતે શાહરૂખ કેમ્પની સભ્ય તરીકે ગણવામાં આવે છે. કારણ કે શાહરૂખ સાથે જ પોતાની કેરિયરની શરૂઆત અનુષ્કા શર્માએ કરી હતી. શાહરૂખના ખાસ બેનર યશરાજમાં પણ અનુષ્કા શર્મા લોકપ્રિય છે પરંતુ હવે અનુષ્કાની નજર હવે સલમાન ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે. તે ઇચ્છે છે કે સલમાન ખાન સાથે એક ફિલ્મ કરવામાં આવે. આના કારણસર ઝુંબેશ પણ શરૂ કરી દીધી છે. તે પોતાને સલમાનની ફેન તરીકે બતાવે છે. એવું પણ જાણવા મળ્યું છે કે તે સલમાન ખાન સાથે એક ફિલ્મ કરવા માટે ઇચ્છુક છે. સલમાનની વધતી જતી લોકપ્રિયતાનો લાભ લેવા માટે તમામ અભિનેત્રીઓ પ્રયાસ કરી રહી છે. સલમાન ખાન દ્વારા હજુ સુધી કોઈ પ્રતિક્રિયા કરવામાં આવી નથી. પ્રિયંકા ચોપડા પણ સલમાનની સાથે જ ફિલ્મ કરવા માટે આશાવાદી બનેલી છે. દીપિકા અને પ્રિયંકા બંને શાહરૂખ કેમ્પની અભિનેત્રીઓ છે. આ જ કારણસર સલમાન ખાને આ બંનેને હજુ સુધી તક આપી નથી. આવી સ્થિતિમાં અનુષ્કા શર્માને હજુ સફળતા ન મળે તેવી શક્યતા છે. સલમાન ખાનને પ્રભાવિત કરવા માટે અનુષ્કા શર્માને સમય લાગી શકે છે. પ્રિયંકા ભૂતકાળમાં સલમાન સાથે બે ફિલ્મોમાં કામ કરી ચૂકી છે. દીપિકા પણ હવે સલમાન સાથે નજરે પડી શકે છે.

સમાચાર ઝલક

- પેટ્રોલ અને ડિઝલ પર રોડટેક્સ લાગુ કરવાની તૈયારી.
- અમદાવાદથી કટરા નવી રેલ્વે ટ્રેન શરૂ થશે.
- કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઇરાનીની અમેઠી પર દેખભાળથી કોંગ્રેસ મોવડીમંડળ ચિંતિત.
- મહિલા સરપંચના કામકાજમાં પતિદેવ દખલગીરી ન કરી શકે.
- મધ્યપ્રદેશમાં પરીક્ષા કૌભાંડમાં સંડોવાયેલા ડીને આત્મહત્યા કરી.
- પાલીતાણાને 'શાકાહારી' બનાવવું કઠિન કામ.
- યુપીએની મહત્ત્વાકાંક્ષી યોજનાઓનું ફીડલું વાળી દેવાની તૈયારીઓ.
- ૯૧ લાખ રૂપિયાનું સૌથી મોંઘુ નકલી દાંતનું ચોકઠું દુબઇનાં ડેન્ટલ ડોકટરે તૈયાર કર્યું.
- હજારો ઇઝરાયેલીઓની હાજરીમાં ત્રણ યહુદી તરૂણોની દફનવિધિ, વડાપ્રધાન-રાષ્ટ્રપતિ હાજર રહ્યા, પરિસ્થિતિ તંગ.
- ખાતેદારોને લેણુ ન હોવાના દાખલા ગ્રામીણ વિકાસ બેંક વિના મૂલ્યે આપશે.
- સિરીયાના તમામ મોટા તેલક્ષેત્રો સુન્ની ઉગ્રવાદીઓનાં કબજામાં.
- રેલ્વેની આર્થિક હાલત ડામાડોળ, સલામતી કેટેગરીની ૧ લાખ જગ્યા ખાલી.
- બી.એસ.એન.એલ.એ લેન્ડલાઇન ફોન મોંઘા કર્યા.
- અંબાજી યાત્રાધામ મંદિરમાં એક જ વર્ષમાં આઠ કરોડ રૂપિયાનો વધારો.
- ગુજરાતમાં ૧૬ પતિ-પત્ની સનદી ઓફિસરો.
- ચોમાસુ ધારણા કરતાં વધુ નબળું રહેશે, દુષ્કાળની ૬૦ ટકા સંભાવના.
- ગુનાખોરીમાં સુરત દેશમાં પ્રથમ નંબરે, હિંસક ગુનાઓમાં ૧૬૨ ટકાનો વધારો.
- ભાવનગરમાં નર્સીંગની ૧૦ વિદ્યાર્થીનીને ભેદી બિમારી, એકનું મોત.
- મહિલાઓ સામે જાતીય અત્યાચાર ઘટાડવા ૬૬૦ 'નિર્ભયા' કેન્દ્રો ખુલશે.
- બાળમૃત્યુ દર ઘટાડવા હવે નવી ચાર રસી ભુલકાંઓને અપાશે.
- ભારતમાં બટાકાનો ભાવવધારો છતાં પાકિસ્તાનમાં રોજ ૨૦૦૦ ટન બટાકાની નિકાસ થાય છે.
- ઇરાકમાંથી ૯૦૦ ભારતીયોએ પરત આવવા ટિકીટો લીધી.